**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧/૮/૨૦૧૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૬૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી અને ૨૪ વ્યક્તિઓને ઝડપી ૩૭ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબ્જે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૭૭૦/૧૫**

**સરખેજ :** ધુળાભાઇ સોમાભાઇ મીણા (રહે,પાંચા તલાવડી, ભરવાડવાસ, એપલવુડ સામે, શાંતીપુરા, સરખેજ) એ તા.૩૧/૮/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૫ સવારનાં ૭/૦૦ થી બપોરનાં ૩/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની પુત્રી માયા (ઉ.વ.૧૪) ને અપહરણ કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**કાગડાપીઠ :** વિનેશભાઇ રમણભાઇ ચુનારા (રહે.કંટોડીયાવાસ, અંકુરમીલની સામે, રાયપુર દરવાજા બહાર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી વિરાટ સુરેશભાઇ ચુનારા કંટોડીયાવાસનાં નાકેથી વિનેશભાઇની પુત્રી આયુશી (ઉ.વ.૧૫) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૭૧/૧૫**

**ઓઢવ :** ભાવેશભાઇ રમેશચંદ્ર ઠાકર (ઉ.વ.૪૦)(રહે.મધુમાલતી આવાસ, ચાર માળિયા, કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ., ઓઢવ) એ તા.૩૦/૮/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૮/૧૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે કઠવાડા ચાર રસ્તાથી પામ હોટલ પાસે આવેલ ઉક્તિ ફ્લેટ સામેથી પોતાના પિતા રમેશચંદ્ર ચુનીલાલ ઠાકર ચાલતાં રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા મોટર સાયકલના ચાલકે પોતાની મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, રમેશચંદ્રને ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૮/૧૫ રાતનાં ૧૧/૩૦ વાગે રમેશચંદ્રનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.નીમાવત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૨/૧૫**

| | |
|---|---|
| **ખોખરાઃ** કાજલબહેન હરેન્દ્રકુમાર કોષ્ટી (ઉ.વ.૧૬)(રહે.રાષ્ટ્રભારતી સ્કુલ પાછળ, રાધા કિશનનગર, ખોખરા) તા.૨૦/૦૭/૧૫ સવારના ૧૦/૪૫ વાગ્યાનાં સુમારેથી ગુમ છે. પાતળા બાંધાના અને રંગે ગોરા છે. વાદળી રંગનો ટોપ અને પીળી લેગીઝ પહેરી ક છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે. (ખોખરા પોલીસ સ્ટેશન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **નરોડાઃ** અશ્વીનભાઇ મફતલાલ સોની (ઉ.વ.૪૫)(રહે. ગૂરૂસ્મૃતિ સોસાયટી, નરોડા) તા.૯/૮/૧૫ રાતના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રિમ શર્ટ અને કોફી રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **ગોમતીપુરઃ** અફઝલહુસેન ઇસરાઇલ અંસારી (ઉ.વ.૨૭)(રહે.બારામાંચાની ચાલી, ગોમતીપુર) તા.૧૮/૬/૧૫ રાતનાં ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કાળુ રંગનું પેન્ટ અને વાદળી શર્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઇંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **ઓઢવઃ** રાકેશભાઈ બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.30)(રહે.રાધેપાર્ક રો હાઉસ, રાજેન્દ્રપાર્ક રોડ, ઓઢવ) તા.૨૨/૭/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **વટવાઃ** સેશીલ સરજીયશભાઇ કિશ્ચીયન (ઉ.વ.૧૯) (રહે.પ્રકાશ કોલોની, ઇસનપુરબ્રીજની પાસે, વટવા) તા.૦૭/૦૭/૧૫ બપોરનાં ૦૩/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનું ટી-શર્ટ અને બ્લ્યુ રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)